સંતવિશ્વાસનું ફળ

અમદાવાદના છગન પારેખને દિવ્યદર્શન

પ્રથમ અમદાવાદમાં પરચા તણો નહિ પાર
હરિજનને હેતથી જે આપ્યા છે આ વાર
એકવાર અમદાવાદમાં પોતે આવ્યા અવિનાશ
ફર્યા સર્વે શહેરમાં પણ રહી ગયો એક દાસ (૨)
છગન પારેખ નામ એનું, ભૂલ્યા તેહનું ઘર
નાવ્યા હરિ ઘેર જાણીને તેને સુખ નહિ પલભર(૨)

અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયન બધા હરિભક્તોને ઘરે ઘરે પધરામણીએ ગયા. એક ઘર રહી ગયુ. છગનભાઇ પારેખનું. હરિભક્તો ભૂલી ગ્યા, ભગવાનેય ભૂલી ગ્યા ને એને ઘરે ના ગ્યા. જ્યારે એને એની જાણ થઇ કે આજુબાજુ બીજે ત્રીજે બધે જ ભગવાન શ્રીહરિ સાક્ષાત સંતમંડળ સાથે પધરામણી કરી ગયા અને હું બાકી રહી ગ્યો. માત્ર મારું ઘર રહી ગયું. મારા ઘરે ભગવાનના પગલા ન થયા. તે બહુ દુખ થયું છગન પારેખને. તેને સુખ નહિ પલભર.

શોકે કરી ન ખાય અન્ન.. એટલો બધો શોક થયો, ખાવાનું છોડી દીધું. **શોકે કરી ન ખાય અન્ન..રાત દિન તે કરે રુદન..** રાત દિ રડે છે. **અતિ મુંઝાય વારમવાર.. કેમ ના આવીયા ધર્મકુમાર..** બધાયને ઘરે ભગવાન ગ્યામારો શું ગુનો, મારો શું વાંક. મારે ઘરે પરમાત્મા કેમ ન આવ્યા. શું મારે ભૂલ પડી, મારે ઘરે પગલા કેમ ન કર્યા. બહુ રડે. જુઓ, કોઇને ઘરે ભગવાન ન ગયા હોત ને તો કઇ દુખ ન થાત. પણ બીજા બધાને ઘરે ગયા ને એકને ઘરે ન ગયા એટલે આ બધી વેદના ઉપડી. બહુ સારી વેદના છે. થવી જોઇએ કે ભગવાન આપડે ઘરે કેમ ન આવે? શું કામ ન આવે આપડી શું ખામી? શું કસર છે? પ્રભુ આપણને દર્શન કેમ ન દે? ભગવાન આપણા આંગણામાં એમના પાવનકારી પગલા કેમ ન પાડે? એ વેદના તવી જોઇએ. આપણને કોઇને નથી થાતી ને..? નો થાય. એનું કારણ છે, કે કોઇને ઘરે નથી આવ્યાને એટલે વાંધો નહિ. હમણાં ખબર પડે કે આ બેઠા છે એ બધાના ઘરે ભગવાન આવી ગ્યા, પગલા પાડી ગ્યા ને હું એક રહી ગ્યો તો એવી ખબર પડે તો વેદના થાય. તો ખરેખરુ દુખ થાય કે અરેરે.. હું અભાગીયો..મેં શું પાપ કર્યા હશે? મારો શું દોષ? મારે માથે ભગવાન રાજી નથી.. આને ઘરે ગ્યા, આને ઘરે ગ્યા, હું એક જ રહી ગ્યો. દુખ થાય. જો એવું ને એવું દુખ એમનેમ થાય કે મારે ઘરે ભગવાન ક્યારે આવશે..? ક્યારે પગલા પાડશે..? મને પ્રભુ ક્યારે દર્શન દેશે..? તો જ ભગવાન દર્શન દે. પણ એ વેદના આપણને એમનેમ સીધે સીધી

થતી હોતી નથી. કોકની કંપેરીઝનમાં જ થાય છે. મુશ્કેલી આ છે. હમણાં એવી ખબર પડે, કે આ બેઠા છે એ બધા જ ભગવાનના શુદ્ધ મુક્તો છે, કોઇમાં કોઇ દોષ છે જ નહિ, તો આપણા દિલમાં તરત એમ થાય કે અરેરે.. હું તો લોભી છું, કામી છું, ક્રોધી છું, ઇર્ષાળુ છું ,અહંકારી છું, માની છું.. આ બદા જો શુદ્ધ લાગે તો પોતાના દોષની પીડા શરુ થાય. અને એ દોષ પછી સહ્ય ન રહે. અને જો એ સહ્ય ન રહે તો એ દોષ ન રહે. શરણાનંદજી મહારાજ કહેતા હતા, આપણામાં દોષો છે, ખામી છે, એનો અર્થ એ છે કે આપણને એ સહ્ય છે. અસહ્ય થઇ જાય, તંઇ ભાગી જાય. આપણને ભગવાન નથી મળ્યા તો એનો મિનીંગ એ થાય છે કે ભગવાન નથીૌ મળ્યા એ આપણને સહ્ય છે. જો ભગવાન નથી મળ્યા એ વાત અસહ્ય થઇ જાય, ભગવાન વિના રહેવાય નહિ, તો ભગવાન મળી જાય. તરત જ. પણ આપણને વેદના થતી નથી. કારણ આપણે બીજાનું જોઇએ છીએ એ. બીજાનું બધુ મોળુ જોઇએ છીએ એટલે આપણામાં મોળુ છે ને વેદના નથી. બીજાને ભગવાન નથી મળ્યા એમ જાણીએ છીએ એટલે આપણને નથી મળ્યા એની પણ વેદના નથી. સમજી લીધુ છે કે સૌનું થાશે ઇ વહુનું થાશે. માથાકુટ શું? પણ વેદના વિના મેળ નહિ પડે. પેલા કોણ મળ્યા હતા શરણાનંદજીને ? રાજ્યપાલ? રાધા કૃષ્ણન.. રાસ્તા દિખાઇ દેતા હૈ..ચલનેકી ઇચ્છા ભી હૈ.. ફીરભી હમ ચલ ક્યું નહિ સકતે..? શરણાનંદજી કહે વેદના કા અભાવ. સાવ ટુંકો જવાબ. અંદર વેદના થવી જોઇએ કે મારામાં આ વાસના ન જ હોવી જોઇએ. આ સ્વભાવ, આ કુટેવ, મારે ક્યાંથી આવી ગઇ..? મારામાં આ ન જ હોવું જોઇએ. એ સહન ન થાવું જોઇએ. તો એ કુટેવ, દોષ, વાસના જતા જ રહે આપણામાંથી. પણ આપણને કાંઇ તકલીફ છે? આપણે કામ ક્રોધ લોભ મદ મોહ આશા તૃષ્ણા બધુ છે એની કોઇ ચિંતા છે? કોઇ ઉપાધિ ખરી? તકલીફ નથી એટલે એ ન જાય. એ ટળે નહિ. વેદના વિના ભગવાનને રસ્તે ચલાતું નથી. જેને ભગાવનને પામવા માટે અંતરથી વેદના ઉપડી એ જ ભગવાનને પામ્યા છે. જેને ભગવાન ન મળે કે મળે, બહુ કાંઇ ફેર પડે નહિ એને ભગવાન કોઇ દિ મળે નહિ.

આ તો બહુ રડવા માંડ્યા, કે ભગવાન કેમ ન આવ્યા.

સૌંને ઘેર પધારિયા નાથ, સુખ દીધું સખા લઇ સાથ,
મંદભાગી જાણી મુને શ્યામ, ના આવ્યા ધર્મકુંવર મારે ધામ..

મને મંદબુદ્ધિનો જાણીને પરમાત્મા મારે ઘરે ન આવ્યા. મંદબુદ્ધિ જાણીને ન આવ્યા.
એમ શોક કરે એ દિનરાત કરે છગન બહુ કલ્પાંત.. એને જ્યારે આવો દુખી જોયો..

જાણી અંતર્યામી તે જન નિજદાસનો દુખીયો મન..
દયા કરી પધાર્યાં દયાળ દીઠા જાગ્રતમાંહી કૃપાળ..

સપનામાં નહી હોં. ઉઘાડી આંખે ભગવાન એના ઘરે આવ્યા. જાગ્રતમાં.

જેવા આવ્યા હતા સખા સહીત દીઠા છગને કરીને પ્રીત

જેવા પહેલા પોતાના સંતો ભક્તો સાથે પધાર્યા હતા બધા ને ઘરે એવા ને એવા બધા સંતો ભક્તો સાથે છગનને ઘરે પધરામણીએ આવ્યા. ભાવ હોય તો આવે.

છગનને કહે છે શ્રી હરિ તજ્ય શોક કરિ મેં મહેર.. છગન હવે શોક છોડ, મેં મહેર કરી.

સંત સર્વે લઇને હું આવ્યો તમારે ઘેર.. બધા સંતોને લઇને હું તમારે ઘરે આવ્યો. હવે શોક છોડી ધો.

છગન કહે સુણો શ્રી હરિ.. છગન કહે સાંભળો મહારાજ..

રહો ઘડી પૂજા કરું હાથ.. થોડીવાર રોકાઓ હું પૂજા કરું.

પૂજા કરી બહુ પ્રીતથી.. માની વચન રહ્યા ઘડી નાથ.. બહુ પ્રેમથી પૂજા કરી ભગવાન ઘડી એને ઘરે રોકાણા.

એમ દીધું દર્શન દાસને.. ધરી દિવ્યરૂપ દયાળ..

શાંતિ કરી હરી ત્રાસને.. પ્રીતે દાસને પ્રતિપાળ..

આવી ભગવાને એના પર દયા કરી અને દર્શન દીધા.

(આ વાત અહીંયા પૂરી થાય છે.)

હરિ ચરિત્રામૃત - ૨૧ (૩૯:૧૮ -૪૯:૫૯)